# નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ/વિભાગીય વડાશ્રીઓ/કર્મચારીશ્રીઓને સહર્ષ જણાવવાનું કે આણંદ કૃષિ યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની કાર્યક્ષમતા, ક્રિયાશીલતા અને ભાઇચારાની ભાવના વધે તે હેતુસર સ્ટાફ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૧નું આયોજન આગામી ૧ થી ૪ એપ્રિલ-૨૦૨૧ દરમ્યાન કરવામાં આવનારં છે. જેના અનુસંધાને સ્થાનિક કચેરી, મહાવિદ્યાલય તથા સંશોધન કેન્દ્રો ક્રિકેટમાં રસ ધરાવતા પ્રતિનિધિઓની એક પ્રાથમિક બેઠક તા. ૧૦-૦૩-૨૦૨૧ના રોજ અત્રેની કચેરી ખાતે મળેલ અને તેમાં તમામ ટીમો સંતુલિત બને તે માટે સામેલ પત્રક-અ મુજબ એક રૂપરેખા બનાવવામાં આવી છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતા કર્મચારીશ્રીઓ પત્રક-અમાં દર્શાવ્યા મુજબ જે-તે પ્રતિનિધિશ્રીનો ટેલીફોનીક સંપર્ક કરી પોતાનું નામ તથા જરૂરી વિગત સાથે મોડામાં મોડા તા. ૨૫-૦૩-૨૦૨૧ સુધીમાં નોંધાવી લેવા અને પ્રતિનિધિશ્રીઓ પણ સામેલ પત્રક-બ મુજબ યાદી બનાવી તૈયાર રાખવી જેથી આગળનું આયોજન સારી રીતે થઇ શકે.

વધુમાં જણાવવાનું કે, સ્પર્ધામાં ભાગ લેનાર કર્મચારીશ્રીને કોઇ પણ પ્રકારનું ભથ્થું મળવાપાત્ર રહેશે નહીં તેમજ પોતાની અંગત જવાબદારીએ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે અને કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે સરકારશ્રી/યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલ ગાઇડલાઇન તથા SOPનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ સ્પર્ધાને લગતી વધુ માહિતી, નિયમો તથા ટીમોને લગતી અન્ય પૂછપરછ માટે કેપ્ટન પી. એ. ગોહિલ (મો. ૯૪૨૮૬૪૭૯૬૩) શારીરિક શિક્ષણ વિભાગ, બં અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદનો સંપર્ક કરવા વિનંતી.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરી મેળવી જારી કરવામાં આવે છે.

સામેલ: પત્રક-અ તથા પત્રક-બ

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

**નકલ સવિનય રવાના:**
માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારું.

**નકલ જયભારત સાથ રવાના:**
૧. યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ/આચાર્યશ્રીઓ/યુનિટ-સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા દરેક અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને ધ્યાને મૂકવા સારું.
૨. નિયામકશ્રી આઇ.ટી. સેલ તરફ સદર પરિપત્ર વેબ સાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારું.

# પત્રક – અ

| ક્રમ નં | સંભવિત ટીમો | સમાવિષ્ટ વિભાગો | પ્રતિનિધિશ્રીઓ |
|---|---|---|---|
| 1. | યુનિવર્સિટી ભવન | યુનિવર્સિટી ભવનની તમામ કચેરીઓ, કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, IDEA તથા લાઇબ્રેરી | શ્રી અમિત આર. પટેલ<br>કુલસચિવશ્રીની કચેરી, આકૃયુ, આણંદ<br>મો. : ૯૯૨૪૧૦૯૪૮૪ |
| 2. | બં .અ. કૃષિ મહાવિદ્યાલય | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | ડૉ. એન. જે. પટેલ<br>બં .અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ<br>મો. : ૯૭૧૪૭૩૯૯૭૫ |
| 3. | શેઠ મ. છ. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | ડૉ. એ. આઈ. શેખ<br>શેઠ મ. છ. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ<br>મો. : ૯૪૨૭૩૮૨૮૦૦ |
| 4. | વેટરનરી મહાવિદ્યાલય | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | ડૉ. પી. જી. કોરીંગા<br>વેટરનરી મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ<br>મો. : ૯૮૨૪૦૭૪૧૨૩ |
| 5. | કૃષિ ઈજનેરી મહાવિદ્યાલય | આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા | ડૉ. હાર્દિક શર્મા<br>કૃષિ ઈજનેરી મહાવિદ્યાલય, આકૃયુ, ગોધરા<br>મો. : ૯૯૨૫૬૫૧૪૭૪ |
| 6. | ફૂડ પ્રોસેસિંગ, એઆઇટી, એફપીટી, આઇએબીએમઆઇ, બાગાયત ટેકનોલોજી | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | ડૉ. ચિંતન એચ. રાવલ<br>બાગાયત મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ<br>મો. : ૯૫૭૪૮૮૮૧૨૩ |
| 7. | સ્થાનિક સંશોધન કેન્દ્ર, આણંદ | RRS, MVRS, ICAR, BTRS, Agril. Biotech, EEI | ડૉ. હિરેન કે. પટેલ<br>મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ<br>મો. : ૯૮૯૮૯૭૭૫૫૧ |
| 8. | તમામ પોલીટેકનીક તથા કૃષિ મહાવિદ્યાલય, આણંદ/વસો/જબૂગામ/વડોદરા/દાહોદ | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | ડૉ. વિનોદ મોર<br>કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, જબૂગામ<br>મો. : ૯૪૨૬૪૮૫૮૩૦ |
| 9. | કેમ્પસ બહારના કેન્દ્રો/ KVK | આણંદ કેમ્પસ બહારના સંશોધન કેન્દ્રો KVK તથા પોતાના વિભાગની અથવા તો નજીકના કેન્દ્રો સાથે ગઠબંધન કરી ટીમો બનાવી શકે (એક કરતાં વધારે ટીમો બની શકે) | ડૉ. કુણાલ ગુલકરી, (KVK) આકૃયુ, અરણેજ,<br>મો. : ૯૫૧૨૦૪૨૧૫૮ |

ખાસ નોંધ. : ઉપરોક્ત નિયત કરેલા વિભાગોમાંથી સ્પર્ધામાં ભાગ લેનાર કર્મચારીશ્રીઓની સંખ્યા વધે તો નિયત કરેલા વિભાગોમાંથી જ એક કરતાં વધારી ટીમો બનાવી શકાશે પરંતુ કોઈ કર્મચારી નિયત કરેલા વિભાગો સિવાય અન્ય વિભાગની ટીમમાં રમી શકશે નહીં કે અન્ય વિભાગના કર્મચારીને રમાડી શકશે નહીં. એક ટીમમાં વધુમાં વધુ ૪ (ચાર) રોજમદાર કર્મચારીશ્રી કે જેઓ છેલ્લા ૩ (ત્રણ) મહિનાથી જે તે કચેરીમાં ફરજ બજાવતા હોય તેને રમાડી શકાશે. ઉપરોક્ત પત્રક કે સ્પર્ધા અંગે નિર્ણય લેવાનો હક્ક નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણને અબાધિત રહેશે.

નિયામકશ્રી

# નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

## પત્રક-બ

પ્રતિ,
નિયામકશ્રી,
વિદ્યાર્થી કલ્યાણ,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ

આણંદ કૃષિ યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની માર્ચ-૨૦૨૧માં યોજાનાર સ્ટાફ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૦-૨૧માં અમારી ટીમને પ્રવેશ આપવા વિનંતી છે. જેમાં નીચેની વિગતે ખેલાડીઓ સ્પર્ધામાં હાજર રહેશે.

ટીમનું નામ : ____________________

કેપ્ટનનું નામ : ____________________ મો. : ____________________

| ક્રમ નં | ખેલાડીનું નામ | કાયમી/રોજમદાર | હોદ્દો | સહી |
|---|---|---|---|---|
| 1. | | | | |
| 2. | | | | |
| 3. | | | | |
| 4. | | | | |
| 5. | | | | |
| 6. | | | | |
| 7. | | | | |
| 8. | | | | |
| 9. | | | | |
| 10. | | | | |
| 11. | | | | |
| 12. | | | | |

તારીખ :
સ્થળ :

યુનિટ અધિકારીની સહી તથા સીકકો